PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર


રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૭/કવા–૦૨/૧૮–૧૯/ 8363 તા. 5/9/18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,

નીલેશભાઈ કુરજીભાઈ વસોયા,

–શિવામ– ૩ – તિરૂપતિ પાર્ક,

અલય પાર્કની પાછળ

નાના મવા મેઈન રોડ,

રાજકોટ

મો: ૯૮૨૫૭ ૦૯૫૬૭

વિષય :–નવા ખેતીવાડી વીજજોડાણ બાબત

સંદર્ભ:– આપની અરજી , તા. ૧૧–૦૭–૧૮ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૭/કવા–૦૨/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)

કા.વા. કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :

(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ

(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.

(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, કુવાડવા રોડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૧૭/કવા–૦૨/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૧–૦૮–૧૮ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: નીલેશભાઈ કુરજીભાઈ વસોયા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર નીલેશભાઈ કુરજીભાઈ વસોયા હાજર રહેલ છે.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, કુવાડવા રોડ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ)

રજુઆત કરનાર :એમ.જે.લાલકીયા – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી રાજકોટ

## : હુકમ :

**ફરીયાદ : નવા ખેતીવાડી વીજજોડાણ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે બેડી ગામ ના સર્વે નંબરઃ ૨૧૯ માં તા.૩૧–૧૨–૨૦૦૮ ના રોજ જરૂરી નોંધણીચાર્જ ભરપાઈ કરીને અરજી કરેલ – જે અન્વયે ભાવપત્રક આપવામા આવેલ – જે તા.૨૯–૧૧–૧૩ ના રોજ ભરપાઈ કરવામા આવેલ. જેની રસીદ – તેઓની પાસે નથી. આમ, ભાવપત્રક ભરપાઈ કરી આપવા છતા – વીજજોડાણ મળેલ નથી. જેથી નવુ વીજજોડાણ મેળવવા માટે – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી નીલેશભાઈ કુરજીભાઈ વસોયાએ હડમતીયા (બેડી) ગામની પોતાની માલિકીની જમીનના સર્વે નંબર ૨૧૯ માં ૫ એચ.પી. નું ખેતીવાડી વીજ કનેક્શન મેળવવા નીલેશભાઈ કુરજીભાઈ વસોયા નામે રૂ. ૨૦૦/- રસીદ નંબર ૨૬૩૯૩૯ તા. ૩૧.૧૨.૨૦૦૮ થી રૂરલ પે.વી.ક. રાજકોટમાં રજીસ્ટ્રેશન કરેલ. ત્યારબાદ સદર વિસ્તાર અત્રેની વિભાગીય કચેરી હેઠળના કુવાડવા પે.વી.ક.માં ટ્રાન્સફર થતા સદર વીજ જોડાણ આપવાની આગળની કાર્યવાહી કુવાડવા પે.વી.ક. નાં ભાગે આવેલ. જેમાં પ્રાયોરીટી પ્રમાણે સદર અરજદારનો વારો આવતા કુવાડવા પે.વી.ક. દ્વારા સદર અરજદારને પત્ર નંબર (૧) ડીઇ/કે.એસ.ડી./ટેક/૨૮૦૯ તા. ૦૪.૦૪.૨૦૧૩ અને (૨) ડીઇ/કે.એસ.ડી./ટેક/૩૭૫૪ તા. ૦૪.૦૫.૨૦૧૩ થી જરૂરી દસ્તાવેજો જેવા કે, ૭/૧૨,૮-અ,૬-હક્કપત્રક, ૧૬ નંબર, ચતુર્દીશાનો દાખલો, વગેરે રજુ કરવા માટે જણાવેલ. જે અરજદાર દ્વારા રજુ કરાતા સંલગ્ન અરજદારને પે.વી.ક. દ્વારા જરૂરી સાઈટ સર્વે કરી પત્ર નંબર ડીઇ/કે.એસ.ડી./ટેક/૭૫૭૫ તા. ૦૨.૧૧.૨૦૧૩ થી અંદાજપત્ર પાઠવવામાં આવેલ. અને અરજદાર દ્વારા આ અંદાજપત્રની રકમ રસીદ નંબર ૪૧૫૧૩૮-૪૧૫૧૩૯-૪૧૫૧૪૦ તા. ૨૯.૧૧.૨૦૧૩ નાં રોજ ભરપાઈ કરવામાં આવેલ.<br><br>ત્યારબાદ સદર અરજદાર સદર વીજ જોડાણ ન મળવા બાબતે રાજકોટ રૂરલ વિભાગીય કચેરીનાં કાર્યપાલક ઈજનેરશ્રી સાથે રૂબરૂ મુલાકાત કરેલ. જેમાં જણાવેલ કે, આટલા લાંબા સમય સુધી તમો દ્વારા વીજ જોડાણ ન મળવા બાબતે પે.વી.ક. ને કોઈપણ પ્રકારની જાણ કરેલ છે ? અને અરજદાર દ્વારા "ના" જણાવતા |

તમામ બાબતનો ઉલ્લેખ કરતી અરજી લેખીતમાં આપવા માટે જણાવેલ. ત્યારબાદ અરજદાર દ્વારા તા.૩૦.૦૪.૨૦૧૮ નાં રોજ પે.વી.ક. અને અત્રેની વિભાગીય કચેરીમાં અરજી કરેલ અને તેમના દ્વારા વીજ કનેક્શન ન લેવા માટે ભૂતકાળમાં કે હાલ સુધી કોઈ લેખીત અરજી સંલગ્ન પે.વી.ક.ને આપેલ નથી.

ત્યારબાદ પે.વી.ક. દ્વારા સદર અરજદારની કેસ ફાઈલનો રેકોર્ડ તપાસતા માલુમ પડેલ કે, સદર અરજદાર દ્વારા તા. ૨૯.૧૧.૨૦૧૩ ના રોજ અંદાજપત્ર ભરપાઈ કરેલ છે. અને તે પછી વીજ જોડાણ માટેના જરૂરી રીલીઝ પ્રફોમાં સદર ફાઈલમાં સામેલ નથી એટલે કે વીજ જોડાણ રીલીઝ કરેલ નથી અને જરૂરી સ્થળ તપાસ કરતા માલુમ પડે છે કે સદર સ્થળ પર વીજ જોડાણ માટેની કોઈ લાઈનની કામગીરી પણ થયેલ નથી. વધુમાં જે તે સમયના સદર કામગીરી સંભાળનાર નાયબ ઈજનેર શ્રી એમ.એ.ચાવડા સાહેબ અને જુનીયર ઈજનેર શ્રી વી.જી.દેવડા સાહેબ સાથે હાલના પે.વી.ક.નાં નાયબ ઈજનેર દ્વારા સદર બાબતે ચર્ચા કરતા જણાવે છે કે સદર અરજદારને જે તે સમયે અંદાજપત્ર ભરપાઈ કર્યા બાદ વીજ જોડાણની જરૂરીયાત ન હોય અને જેથી કરીને પે.વી.ક દ્વારા જે તે સમયે તે બાબતની રીફંડ મેળવવા માટેની જાણ કરતો પત્ર અરજદારને લખાયેલ છે.જેથી કરીને અત્રેની વિભાગીય કચેરી દ્વારા સદર અરજદારના વીજ જોડાણની આગળની કાર્યવાહી થઇ ન શકે તે માટેની જાણ પત્ર નંબર આર.આર.ડી./ટેક-૨/૮૩૭૯ તા.૨૫.૦૬.૨૦૧૮ થી કરેલ છે.

ત્યારબાદ સદર અરજદારની સદર રજૂઆત ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રને કરેલ જેના અનુસંધાને અત્રેની વિભાગીય કચેરી દ્વારા જે તે સમયનાં પે.વી.ક.માં સદર ખેતીવાડી વીજ કનેક્શનને લગતી કામગીરી સંભાળતા જુનીયર ઈજનેરશ્રી વી.જી.દેવડા કે જે હાલમાં ઝાલોદ પે.વી.ક. એમ.જી.વી.સી.એલ. ખાતે ફરજ બજાવે છે તેમને સદર અરજદારના વીજ જોડાણ માટે જરૂરી જે તે સમયે શું કાર્યવાહી કરવામાં આવેલ છે ? જેના અનુસંધાને શ્રી વી.જી.દેવડા (જુનીયર ઈજનેર) દ્વારા પત્ર નંબર જે.એલ.ડી./ટેક/૭૨૪૬ તા. ૧૩.૦૮.૨૦૧૮ થી જણાવે છે કે, સદર વીજ કનેક્શનનાં નાણા ભરપાઈ થયે લાઈન ઉભી કરવાની કામગીરી કોન્ટ્રાકટર શ્રી પી.આર.મકવાણાને આપેલ અને તેનું મટીરીયલ મળતા સદર વીજ લાઈન જે સર્વે નંબરમાંથી ટેપ કરવાની હોય તે ખેડૂત શ્રી સંજયભાઈ ટોલીયા દ્વારા વાંધો લીધેલ જેના કારણે તેમના તથા કોન્ટ્રાક્ટરનાં પ્રતિનીધી શ્રી રાજુભાઈ મકવાણા દ્વારા સ્થળ તપાસ કરેલ. સદર બાબતની જાણ અરજદારશ્રી નીલેશભાઈ કુરજીભાઈ વસોયાને ટેલીફોનીક કરેલ અને ત્યારબાદ અરજદાર દ્વારા કોઈ જવાબ ન મળતા ફરીથી સ્થળ તપાસ કરેલ પરંતુ તેમના દ્વારા કોઈ પ્રત્યુતર ન મળેલ અને તેઓને વીજ કનેક્શન જોઈતું નથી તેવી લેખીત જાણ કુવાડવા પે.વી.ક.માં કરેલ અને જેના અનુસંધાને જુનીયર ઈજનેર દ્વારા અંદાજપત્રનાં નાણા પરત મેળવી લેવા માટે જાણ કરેલ. અરજદાર દ્વારા જે તે સમયે વીજ જોડાણ સદર સર્વે નંબરમાં જોઈતું નથી તેવું કુવાડવા પે.વી.ક.માં લેખીતમાં જણાવેલ પરંતુ હાલમાં પે.વી.ક.માં રેકોર્ડ તપાસતા હાલમાં સદર અરજદારની ફાઈલમાં આ પ્રકારનો કોઈ રેકોર્ડ ઉપલબ્ધ નથી. પરંતુ જે તે સમયે પેટા વિભાગીય કચેરીના જુનીયર ઈજનેરનાં નિવેદન આધારે સ્પષ્ટ થાય છે કે, સદર અરજદાર દ્વારા જે તે સમયે કોઈપણ કારણોસર વીજ જોડાણ જોઈતુ નથી તેવી અરજી આપેલ હોય અને તેના કારણે સદર વીજ કનેક્શન રીલીઝ કરવાની આગળની કાર્યવાહી કરવામાં આવેલ ન હોય. વધુમાં અરજદાર દ્વારા અંદાજપત્રનાં નાણા ભરપાઈ કર્યા બાદ આશરે ૪.૫ વર્ષ બાદ અચાનક વીજ જોડાણ ન મળવા બાબતે રજૂઆત કરેલ છે જે બાબત પણ શંકા ઉપજાવનાર છે. જેથી કરીને સદર વિભાગીય કચેરી દ્વારા અરજદારની તા. ૩૦.૦૪.૨૦૧૮ ની રજૂઆતનાં આધારે પત્ર નંબર આર.આર.ડી./ટેક-૨/૮૩૭૯ તા.૨૫.૦૬.૨૦૧૮ થી પે.વી.ક.ને સદર વીજ જોડાણ આપવાની જરૂરી આગળની કાર્યવાહી ન કરવાની જાણ કરેલ છે. જેના આધારે પે.વી.ક. દ્વારા પત્ર નંબર ડીઈ/કે.એસ.ડી./૪૩૧૯ તા. ૨૭.૦૬.૨૦૧૮ થી અરજદારને સદર બાબતે જાણ કરેલ છે અને ભરપાઈ કરેલ અંદાજપત્રનાં નાણાનાં રિફંડ માટે અસલ રસીદ સાથે લેખીતમાં અરજી આપવા અંગે પણ જણાવેલ. આમ, સદર અરજદારની ફોરમ સમક્ષ ખેતીવાડી વીજ જોડાણ માટેની રજુઆતને ગ્રાહય રાખી શકાય નહી.

મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | • (૧) અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી નીલેશભાઈ કુરજીભાઈ વસોયાએ હડમતીયા (બેડી) ગામની પોતાની માલિકીની જમીનના સર્વે નંબર ૨૧૯ માં ૫ એચ.પી. નું ખેતીવાડી વીજ કનેક્શન મેળવવા નીલેશભાઈ કુરજીભાઈ વસોયા નામે રૂ. ૨૦૦/- રસીદ નંબર ૨૬૩૯૩૯ તા. ૩૧.૧૨.૨૦૦૮ થી રૂરલ પે.વી.ક. રાજકોટમાં રજીસ્ટ્રેશન કરેલ. અગ્રતાક્રમ મુજબ તા. ૦૨.૧૧.૨૦૧૩ થી અરજદારને અંદાજપત્ર પાઠવવામાં આવેલ. સદર અંદાજપત્રની રકમ રસીદ નંબર ૪૧૫૧૩૮-૪૧૫૧૩૯-૪૧૫૧૪૦ થી તા.૨૯.૧૧.૨૦૧૩ નાં રોજ ભરપાઈ કરવામાં આવેલ.<br><br>• (૨) સદર અરજદારને જે તે સમયે અંદાજપત્ર ભરપાઈ કર્યા બાદ વીજ જોડાણની જરૂરીયાત ન હોય અને જેથી કરીને પે.વી.ક દ્વારા જે તે સમયે તે બાબતની રીફંડ મેળવવા માટેની જાણ કરતો પત્ર અરજદારને લખાયેલ છે. પરંતુ હાલમાં પે.વી.ક.માં રેકોર્ડ તપાસતા હાલમાં સદર અરજદારની ફાઈલમાં આ પ્રકારનો કોઈ રેકોર્ડ ઉપલબ્ધ નથી.<br><br>• (૩) અરજદાર દ્વારા અંદાજપત્રનાં નાણા ભરપાઈ કર્યા બાદ આશરે ૪.૫ વર્ષ બાદ અચાનક વીજ જોડાણ ન મળવા બાબતે રજૂઆત કરેલ છે જે બાબત પણ શંકા ઉપજાવનાર છે. જેથી કરીને સદર વિભાગીય કચેરી દ્વારા અરજદારની તા. ૩૦.૦૪.૨૦૧૮ ની રજૂઆતનાં આધારે પત્ર નંબર આર.આર.ડી./ટેક-૨/૮૩૭૯ તા.૨૫.૦૬.૨૦૧૮ થી પે.વી.ક.ને સદર વીજ જોડાણ આપવાની જરૂરી આગળની કાર્યવાહી ન કરવાની જાણ કરેલ છે. જેના આધારે પે.વી.ક. દ્વારા પત્ર નંબર ડીઈ/કે.એસ.ડી./૪૩૧૯ તા. ૨૭.૦૬.૨૦૧૮ થી અરજદારને સદર બાબતે જાણ કરેલ છે અને ભરપાઈ કરેલ અંદાજપત્રનાં નાણાનાં રિફંડ માટે અસલ રસીદ સાથે લેખીતમાં અરજી આપવા અંગે પણ જણાવેલ. |
| ૩.૨ | • સદર કેઈસ મા, અરજદાર ની રજુઆત અન્વયે તેમજ ઉપરોકત મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં. (૧) અને (૨) મુજબ ની વિગતે – અરજદાર ને ખેતીવાડી વીજજોડાણ આપવા અંગે ની કાર્યવાહી માં પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જે તે સમયે કાર્યવાહી કરાયેલ ન હોય – તેમજ અરજદાર ને – જે તે સમયે લેખીત મા – અરજદાર ની અરજી રદબાતલ કરવા અંગે કે અરજી મા કોઈ ક્ષતિ રહેલ હોય – તે બાબતે ની કોઈ જાણકારી અપાયેલ હોય – તેવા પણ પુરાવા રજુ કરાયેલ નથી. જેથી, સદર બાબતે સબંધક કચેરીના કર્મચારીઓ દ્વારા ગ્રાહક લક્ષી અભિગમ અને જરૂરી પ્રવર્તમાન નિયમો અંગે ની લેખીત મા જાણકારી / સુચના આપેલ હોત તો – સદર બાબત ની ફરીયાદ ઉપસ્થિત થવા પામત નહી. જેથી સદર બાબતે નુ ભવિષ્યમાં પુનરાવર્તન ન થાય તે માટે – સમયાંતરે સદર પ્રકારના કેઈસો ની સમીક્ષા કરીને સમયમર્યાદા માં નિરાકરણ બાબતે ની ખાસ તાકીદ સાથે ની સબંધક વિભાગીય કચેરી ના સક્ષમ અધિકારીને સુચના આપવામા આવે છે. જેની ગંભીર નોધ લેવા પણ જણાવવામા આવે છે. |
| ૩.૩ | • ઉપરોક્ત મુદદા નં. ૩.૧ ના પેટા મુદદા નં. (૧) અને (૨) મુજબ ની વિગતે – અરજદાર ની રજુઆત મુદદા નં.૧.૧ મુજબ ની વિગતે – નવુ ખેતીવાડી વીજજોડાણ મળેલ ન હોય – જેથી પીજીવીસીએલ પક્ષકાર ને સદર અરજદાર ને સત્વરે – નિયમાધીન પ્રક્રીયા હેઠળ – ખેતીવાડી વીજજોડાણ આપવા અંગે ની કાર્યવાહી પૂર્ણ કરવી, તેમ –સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.-૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ અને ૩.૩ મુજબ ની વિગતેની કાર્યવાહી કરવા માટે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.